દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૨૪ મે, ૨૦૨૬

# ભારતમાં રાતના તાપમાનમાં પણ ચિંતાજનક રીતે થતા વધારાના ઉપાય કરવા જોઈએ

દુનિયાના સૌથી 100 ગરમ શહેરનો રિપોર્ટ આવ્યો ત્યારે તેમાંથી 97 શહેર ભારતના હતા જે ગંભીર બાબત કહી શકાય તેમ છે. જળવાયુ પરિવર્તન અને ગ્લોબલ વોર્મિંગ વિશે વારંવાર વાતો કરવામાં આવે છે. તેના નિરાકરણ માટે શું કરવું તેની ચર્ચા થઈ રહી છે.જળવાયુ પરિવર્તનની સીધી અસર હવે દેખાવા લાગી છે. તેના પરિણામે દેશભરમાં હિટવેવનાં હોટસ્પોટ્સ બની રહ્યાં છે. પૂણે સ્થિત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મેટ્રોલોજી (આઈઆઈટીએમ)ના વૈજ્ઞાનિકોએ કરેલા સંશોધનમાં આ વાત બહાર આવી છે. હિટવેવ એ અસામાન્ય રીતે ગરમ હવામાનનો સમયગાળો હોય છે, જે સામાન્ય રીતે બે કે તેથી વધુ દિવસ સુધી ચાલે છે.એ સમયગાળાને હિટવેવ તરીકે વ્યાખ્યાયિત કરવા માટે તે ચોક્કસ વિસ્તારમાં તાપમાન ઐતિહાસિક સરેરાશ કરતાં વધારે હોવું જોઈએ. ભારતમાં સતત વધતા તાપમાનના કારણ શોધવા વૈજ્ઞાનિકોએ તારણ કાઢ્યું છે. તેમણે 1981થી 2020 સુધી તાપમાનમાં થયેલા વધારા અને ગરમીના તરંગોનો અભ્યાસ કર્યો છે. સંશોધનના તારણ મુજબ, ભારતમાં મહત્તમ તાપમાનમાં લગભગ 1.0$^0$0.12 ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે. આ વધારો આબોહવા પરિવર્તનનું પરિણામ હોવાનું જણાય છે, પરંતુ વૈજ્ઞાનિકો નોંધે છે કે પ્રસ્તુત આંકડો એક ડિગ્રી હોવા છતાં, તેની અસર મોટી દેખાય છે. તેમાં સામાન્ય રીતે દાયકા દીઠ 0.26 $^0$ 0.03 $^0$Cનો વધારો થયો છે. જોકે, 21મી સદીની શરૂઆતમાં કુલ 0.5 $^0$C નો વધારો થયો હતો. 1981 ની તુલનામાં 2020 માં 1.0 $^0$C (1.04 $^0$ 0.12 $^0$C) નો વધારો થયો હતો. વૈજ્ઞાનિકો નોંધે છે કે આ વધારો શહેરીકરણ અને વનનાબૂદી જેવાં માનવજન્ય પરિબળોને આભારી છે. સંશોધનમાં નોંધવામાં આવ્યું છે કે મહત્તમ તાપમાનમાં મહત્તમ ફેરફાર ચોમાસા પહેલાંના સમયગાળા દરમિયાન જોવા મળે છે. એક મરાઠી ચેનલ સાથે વાતચીતમાં એક વૈજ્ઞાનિક પદ્માકુમારીએ કહ્યું હતું કે એક ડિગ્રીનો વધારો ભલે ઓછો હોય, પરંતુ હિટવેવ પર તેની અસર દેખાય છે. આ વધારાને કારણે ગરમીનાં મોજાં વારંવાર અનુભવાઈ રહ્યા છે તથા તે લાંબા સમયગાળાનાં અને વધુ તીવ્ર બની રહ્યાં છે. તેની અસર આરોગ્યથી માંડીને પાણીની માંગમાં વધારાથી પાક પર સર્જાતી તાણ સુધીની ઘણી બાબતો પર પડી રહી છે. સંશોધનમાં જણાવ્યા અનુસાર, 1981થી 1990 દરમિયાન ગરમીનાં મોજાંનો સમયગાળો લગભગ એકથી ચાર દિવસનો હતો અને તેની અસર મુખ્યત્વે મધ્ય તથા ઉત્તર ભારતમાં જોવા મળતી હતી. એ સમયગાળા દરમિયાન ઉક્ત પ્રદેશોમાં તાપમાન પણ લગભગ 47 ડિગ્રી સેલ્સિયસ સુધી વધ્યું હોવાનું નોંધાયું હતું. 2001થી 2010 દરમિયાન ગરમીનાં મોજાંથી પ્રભાવિત વિસ્તારોનો વ્યાપ વધ્યો છે એટલું જ નહીં, પરંતુ તેનો સમયગાળો બે-ચાર દિવસથી વધીને ચારથી છ દિવસનો થયો હતો. દ્વીપકલ્પીય વિસ્તારોમાં હિટવેવ ક્યારેક છથી આઠ દિવસ સુધી ચાલુ રહેતી હતી, એવું પણ સંશોધનના આંકડા દર્શાવે છે. તેમાં 2011થી 2020ના દાયકામાં વધુ વધારો થયો હતો. હાલ હિટવેવની અસર વર્ષમાં ચારથી દસ દિવસ સુધી અનુભવાઈ રહી છે. તેનું પ્રમાણ વધ્યું છે અને તેની અસર મહારાષ્ટ્ર તથા આંધ્ર પ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં સૌથી વધુ જોવા મળતી હોવાનું સંશોધનમાં નોંધવામાં આવ્યું છે. અહીં વર્ષમાં આઠથી દસ દિવસ ગરમીનાં મોજાંની અસર અનુભવાય છે. તાપમાનમાં પણ વધારો નોંધાયો છે અને મહત્તમ તાપમાન 47 ડિગ્રીથી 50 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતું જોવા મળ્યું છે. 1970થી 2019 વચ્ચે ભારતમાં કુલ 706 હિટવેવ સર્જાઈ હતી. 1970ના દાયકા દરમિયાન વર્ષે સરેરાશ ત્રણ વખત હિટવેવ અનુભવાઈ હતી, જે પ્રમાણ 2020 સુધીમાં વધીને વર્ષે લગભગ 25નું થયું હતું. ભારતમાં હિટવેવના આવર્તન, કુલ સમયગાળો અને મહત્તમ સમયગાળો ત્રણેય વધ્યા છે. તેમના ભૌગોલિક ક્ષેત્રમાં પણ નોંધપાત્ર ફેરફારો થયા છે. ભારતમાં ભવિષ્યમાં હિટવેવના આવર્તન અને તીવ્રતા વધવાની ધારણા છે. મહત્ત્વની વાત એ છે કે 2015થી 2025 સુધીના દરેક વર્ષને 10 સૌથી વધુ ઉષ્ણ વર્ષો ગણવામાં આવે છે. આ અભ્યાસના તારણ મુજબ, 1960થી દક્ષિણ એશિયામાં, ખાસ કરીને ભારતમાં, ગરમ દિવસો અને ગરમ રાતના પ્રમાણમાં વધારો થયો છે. ભારતમાં, ખાસ કરીને મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશ તથા તેલંગાણા સહિતના દક્ષિણ દ્વીપકલ્પનાં રાજ્યોમાં જોવા મળી હોવાનું પણ નોંધાયું છે. આ ઉપરાંત ઇન્ડો-ગેંજેટિક મેદાની પ્રદેશ સહિતનો ઉત્તર ભારતનો મોટો ભાગ પણ હોટસ્પોટ હોવાનું નોંધવામાં આવ્યું છે. ડેટા દર્શાવે છે કે દેશમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગ્લોબલ વોર્મિંગનો બોજ દોઢ ગણો વધ્યો છે. ગરમીના હોટસ્પોટ્સનો ભૌગોલિક વિસ્તાર 1981-2000ના 11,90,000 ચોરસ કિલોમીટરથી વધીને 2001-2020 સુધીમાં 18,10,000 ચોરસ કિલોમીટર થઈ ગયો હતો.

## લાઈફમાં પ્રોબ્લેમ છોડી દો

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

દૃષ્ટિના જીવનમાં બહુ ખરાબ સમય ચાલી રહ્યો હતો, પ્રેમલગ્ન કર્યા બાદ લગ્નના એક જ વર્ષમાં છુટાછેડા લેવાની નોબત આવી હતી. દૃષ્ટિને બહુ ઊંડો આઘાત લાગ્યો હતો. તે આ આઘાતમાંથી બહાર આવી રહી ન હતી. રોજ પોતાના લગ્નના આલ્બમને જોતી રહેતી અને રડતી રહેતી.

એક દિવસ તેની મમ્મીએ તેને બહુ સમજાવ્યું અને કહ્યું, ''દીકરા, આમ ક્યાં સુધી રડતી રહીશ? જીવનમાં આગળ વધવું તો પડશે ને...'' દૃષ્ટિ કંઈ સમજતી ન હતી. માત્ર રડતાં રડતાં એટલું બોલી, ''મમ્મી, ભગવાને મારી સાથે જ આવું શું કામ કર્યું? મેં તો સાચો પ્રેમ કર્યો હતો, મારી ક્યાં કોઈ ભૂલ હતી.''



તેની મમ્મી રસોડામાં ગઈ અને એક ચપ્પુ લઇ આવી અને દૃષ્ટિના હાથમાં તે ચપ્પુ આપ્યું અને કહ્યું, ''દૃષ્ટિ, તેં આ ચપ્પુ ધારવાળા ભાગથી પકડી રાખ્યું હોય અને હું તેને ખેંચું તો શું થાય?'' દૃષ્ટિએ કહ્યું, ''મમ્મી, તું ખેંચે તો મારા હાથમાં કાપો પડે અને લોહી નીકળે પણ મમ્મી, હું શું કામ ધારવાળી બાજુથી પકડું?'' મમ્મીએ કહ્યું, ''તું એમ જ તો કરે છે...તેં તારા જીવનને આ છૂટાછેડાના દુઃખની આજુબાજુ પરોવી દીધું છે અને પ્રોબ્લેમને ધારદાર ચપ્પુની જેમ પકડી રાખ્યો છે જેથી જો આ પ્રોબ્લેમને ખેંચીને દૂર કરવા માટે અમે કોઈ કોશિશ કરીએ કે ભગવાન પણ કોશિશ કરે તો તારો હાથ કપાશે, તને દર્દ થશે, તને જ દુઃખ થશે.''દૃષ્ટિ બોલી, ''તો મમ્મી, હું શું કરું?'' મમ્મીએ ચપ્પુ નીચે મૂકતાં કહ્યું, ''બસ, આ ચપ્પુની જેમ પ્રોબ્લેમને પણ છોડી દે...જવા દે...અને આગળ વધ.જીવનમાં જે થયું તે ભૂલી જા... અતીતની વાતો, ઘટનાઓ ,સંબંધો, લોકો જેમની યાદ તને દુઃખ આપે છે, પીડા આપે છે તેને છોડ અને આગળ વધ પણ તું શું કરે છે કે સતત તે પીડાદાયક યાદોને દિલથી લગાડીને બેઠી છે અને તેનાથી તારું દુઃખ વધી રહ્યું છે.દીકરા છોડ એ દુઃખને અને બધું પાછળ છોડી આગળ વધવા પર ધ્યાન આપ.''

દૃષ્ટિ થોડી વાર માટે સાવ ચૂપ મમ્મીની સામે જોઈ રહી અને પછી આંખોના આંસુ લૂછીને ઊભી થઈ અને લેપટોપ ખોલીને બોલી, ''મમ્મી, મારે આગળ ભણવું છે. હું ફોર્મ ભરી દઉં છું.''

લાઇફમાં કોઇ પણ મોટા પ્રોબ્લેમને છોડી દો ,જવા દો અને આગળ વધો.

# ઈરાન અમેરિકાને ગાંઠતું નથી અને ચીને માત્ર ઔપચારિકતા નિભાવી: ટ્રમ્પ બંને મોરચે નિષ્ફળ

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

ગત સવા વર્ષના કાર્યકાળમાં એક કરતાં વધુ કિસ્સાઓમાં આપણે ટ્રમ્પને તેમના અસલ સ્વરૂપમાં જોયા છે. ટ્રમ્પ ધાકધમકીની રાજનીતિમાં માને છે અને અલ્ટીમેટમ ઉચ્ચારે છે. તેમના આ વર્તન અને તેમાંથી ઊભાં થતાં નાનાં-મોટાં વૈશ્વિક વાવાઝોડાં આપણે જોયાં છે. આમાંનો એક કિસ્સો ઈરાન સાથે જોડાયેલો છે. ઈરાન ઉપર હુમલો કર્યો તે પહેલાં ટ્રમ્પે મધ્યરાત્રે વેનેઝુએલા પર લશ્કરી કાર્યવાહી કરીને ત્યાંના પ્રમુખને પકડી લઈ અમેરિકાની કેદમાં રાખ્યા હતા. વેનેઝુએલામાં સત્તાપલટો થયો અને અમેરિકાને અનુકૂળ હોય તેવી સરકાર આવી. આનાથી મદોન્મત્ત બનેલા ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનને કચડી નાખવા માટે અધીરા બન્યા. તેમની ગણતરી મુજબ ઈરાનને તહસનહસ કરી પોતાનું શરણું સ્વીકારવા મજબૂર કરવા માટે ત્રણ દિવસથી વધુ સમય જરૂરી નહોતો.

ટ્રમ્પે ઈઝરાયેલ સાથે મળીને ઈરાન ઉપર પૂરા જોશથી આક્રમણ કર્યું. બહાનું એ હતું કે ઈરાન અણુશસ્ત્રો વિકસાવવા જઈ રહ્યું છે અને અમેરિકાને તે મંજૂર નહોતું, પણ ટ્રમ્પની બધી ગણતરીઓ ઊંધી પડી. ઈરાને પોતાની સાચી તાકાત દેખાડી અને ત્યાર પછી જે વાસ્તવિકતા બહાર આવી તે ટ્રમ્પ માટે ભારે આઘાતજનક હતી. હકીકત તો એ પુરવાર કરી રહી હતી કે, ત્રણ દિવસમાં તો શું, ત્રણ વર્ષે પણ ઈરાનને નમાવવા માટે ઇઝરાયેલ અને અમેરિકા બંનેનું સંયુક્ત જોર ઓછું પડે. એટલું જ નહીં, અમેરિકા તેમજ ઈઝરાયેલની સંયુક્ત તાકાત સામે ઈરાને મસ્કત, શારજાહ, યુનાઈટેડ આરબ અમીરાત (UAE) અને બહેરીન જેવા દેશોમાં અમેરિકાએ ઊભાં કરેલાં મજબૂત લશ્કરી થાણાંનો ખુરદો બોલાવી દીધો.

**આ નાકાબંધી કરીને ઈરાને પોતે વિશ્વમાં કેવી ઊર્જા કટોકટી સર્જી શકે છે, તેનો મજબૂત અણસાર આપ્યો. ભારતને લાગેવળગે છે ત્યાં સુધી, દેશનો ગેસ અને ખનિજ તેલનો પુરવઠો લગભગ અડધોઅડધ ખાડીના દેશોમાંથી આવે છે**

વળતા પ્રહાર તરીકે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધું, જેમાંથી જગતની પાંચમા ભાગની ઊર્જા (ઓઈલ અને નેચરલ ગેસ) પસાર થાય છે. આ નાકાબંધી કરીને ઈરાને પોતે વિશ્વમાં કેવી ઊર્જા કટોકટી સર્જી શકે છે, તેનો મજબૂત અણસાર આપ્યો. ભારતને લાગેવળગે છે ત્યાં સુધી, દેશનો ગેસ અને ખનિજ તેલનો પુરવઠો લગભગ અડધોઅડધ ખાડીના દેશોમાંથી આવે છે. તે બંધ થતાં ભારતમાં અભૂતપૂર્વ ઊર્જા કટોકટી સર્જાઈ, જેના પરિણામે છેવટે ભારતે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારવા પડ્યા અને રાંધણ ગેસની તંગીને કારણે અનેક રેસ્ટોરન્ટ્સને પોતાનાં રસોડાં બંધ રાખવાની નોબત આવી. મસ્કત ભારતને મોટા પાયે યુરિયા ખાતર પણ સપ્લાય કરે છે. ઈરાન-ઈઝરાયેલ-અમેરિકા યુદ્ધને પરિણામે ચાલુ વર્ષે ભારતને ૭૦થી ૮૦ લાખ ટન યુરિયાની અછત ઊભી થઈ.

આમ, એક બાજુ કૂદકે ને ભૂસકે મોંઘવારી વધી રહી છે અને આ પરિસ્થિતિમાં હજુ પણ અમેરિકા ઈરાન સામે કોઈ નિર્ણાયક તબક્કાનું યુદ્ધ જીતે તેવી શક્યતાઓ જરાય દેખાતી નથી. ટ્રમ્પ ઈરાન સાથે યુદ્ધ છેડીને બરાબરના ફસાયા છે. આ પરિસ્થિતિમાં અનેક પ્રશ્નોથી ઘેરાયેલા ટ્રમ્પ ભલે મેદાન છોડીને ભાગી ન ગયા હોય પણ ખાસા નબળા પડ્યા છે. આ વાતનો અણસાર તેમની ચીનની બે દિવસની મુલાકાત દરમિયાન આવી ગયો, જ્યાં ચીનના પ્રમુખ જિનપિંગ સામે તેમના ડેલિગેશને સાવ નબળો દેખાવ કર્યો અને બોઈંગ વિમાનોની ખરીદી સિવાય બાકીનું ઝાઝું કંઈ નીપજ્યું નહીં. અત્યાર સુધી જિનપિંગને ગાળો ભાંડનાર ટ્રમ્પે પહેલી વાર ચીનથી પરત આવતાં, અલાસ્કા બેઝ તરફ જઈ રહેલા પોતાના વિમાનમાં પત્રકારો સામે જિનપિંગના બે મોઢે વખાણ કર્યા, તેના પરથી આ નબળાઈ સ્પષ્ટ દેખાય છે.

આની સામે જિનપિંગે તેમને મોઢામોઢ પરખાવી દીધું કે, અમારી સાથે લડીને તમે કશું પામવાના નથી. તાઈવાન મુદ્દે અમારું વલણ અફર છે. વળી, હોર્મુઝ સ્ટ્રેટ ઉપરની નાકાબંધી ઈરાન ઉઠાવી લે તે મુદ્દે પણ જિનપિંગે હા કે ના એમ કોઈ પણ સ્પષ્ટ જવાબ આપવાનું ટાળ્યું હતું.

ટૂંકમાં, ડોનાલ્ડ ટ્રમ્પની ચીનની આ મુલાકાત કદાચ અત્યાર સુધીના અમેરિકાના પ્રમુખોએ લીધેલી ચીનની મુલાકાતોના સંદર્ભમાં સાવ ફિક્કી અને બિનઅસરકારક રહી હતી એમ કહેવું જરાય અતિશયોક્તિભર્યું નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# માર્કો રુબીઓની ભારત મુલાકાતમાં વિશ્વાસની કમી

યે મેરા ઈન્ડિયા
વિનોદ પંડ્યા

**ભારતનાં મૌલિક અપમાનો અને ટેરિફની ધમકીઓ સામે ભારત મક્કમ રહ્યું, પરંતુ તેથી દુઃખ ન પહોંચે એવું ન બને**

આ મંગળવારે અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયો નવી દિલ્હી ખાતે કવાડ દેશોની વિદેશ મંત્રીઓની પરિષદમાં ભાગ લેવા આવી રહ્યા છે. જો કે એ 23 થી 26 મે સુધી ચાર દિવસ રોકાશે તેમાં નવી દિલ્હી ઉપરાંત કોલકોતા, આગરા અને જયપુરનો પ્રવાસ પણ કરશે. અગાઉ અમેરિકન પ્રમુખો કે વિદેશ મંત્રીઓ જે હળવાફુલ સંબંધોના વાતાવરણમાં ભારત આવ્યા હતા એટલી સરળ અને સુમધુર, મગજ પર કશા બોજ વગરની આ યાત્રા નહીં હોય. હાઉ ડી મોદી? અને હમણાં સુધીના પરિદૃશ્યમાં હજારો શાબ્દિક અને સાચી મિઝાઈલો ફૂટી ચૂકી છે. ખાસ કરીને છેલ્લાં દોઢ વરસમાં પ્રમુખ ટ્રમ્પનો હકૂમતમાં સંબંધો માન્યામાં ન આવે એ રીતે તળિયે ગયા છે. પ્રમુખ ટ્રમ્પ ઘડીક ઠંડી ફૂંક મારે અને ઘડીક ગરમ. માત્ર ભારતને જ નહીં, દુનિયાને અને ખુદ પ્રમુખ ટ્રમ્પને જ સમજાતું નથી કે એમને શું જોઈએ છે?

આ જવલંત દુવિધા વચ્ચે ઠાવકા અને વ્યવહારુ માર્કો રૂબિયો વિદેશમંત્રી એસ. જયશંકરનું આમંત્રણ સ્વીકારીને ભારત આવી રહ્યા છે. ટ્રમ્પનાં તમામ ગતકડાં, તમામ અચોક્કસ નિવેદનો વચ્ચે એક વલણ સાવ સ્પષ્ટ છે કે અમેરિકાને મોટો આર્થિક લાભ કરાવો તો એ રાજી રહે છે અને ત્યાર બાદ બીજા મોટા આર્થિક લાભની પેરવીમાં એ દેશ સામે જ પડી જાય છે, જેણે અગાઉ લાભ કરાવ્યો હોય, ગૌતમ અદાણીએ હમણાં ઘણી રકમ ચૂકવીને અમેરિકન કાનૂનોની ચુંગાલમાંથી મુક્તિ મેળવી. એક અહેવાલ પ્રમાણે અદાણી જૂથ અમેરિકામાં ત્રીસ અબજ ડોલરનું મૂડી રોકાણ કરશે. જો આ સમાધાન પૈસા આપીને થઈ શક્યું તો, સરકાર અને અમેરિકન કાનૂન જેમાં પક્ષકાર છે તે સમાધાન મોટા આર્થિક દંડ વગર સંપન્ન ન થઈ શક્યું હોત? થાય, જો સંબંધો જાળવવા હોય તો અમેરિકાએ જાળવવા હોય તો? _આ એક અનેકમાંનું ઉદાહરણ છે. એવાં તો અનેક બિનજરૂરી સમસ્યાઓ, અડચણોની ગરોળી પ્રમુખ ટ્રમ્પે હાથે કરીને શરીરે ચડાવી છે. જો કે તેનો અનઅપેક્ષિત અને કડવો બદલો પણ સ્વીકારવો પડયો છે. આ પરિષદ કવાડ દેશો, ઓસ્ટ્રેલીઆ, ભારત, જપાન અને અમેરિકાના કવાડ અર્થાત્ ચાર દેશોના સંગઠનની છે. પરંતુ સંગઠનનું અગાઉ હતું એટલું મહત્ત્વ હવે અમેરિકાએ રહેવા દીધું નથી. બીજી ટર્મ માટે ચૂંટાયા બાદ શ્રીમાન ટ્રમ્પે કયારેય કવાડના નામનો ઉલ્લેખ કર્યો નથી. છતાં તત્ક્ષણ અમેરિકાને ડિપ્લોમસીનું મહત્ત્વ સમજાયું છે. એ તો વિચારો કે ઈરાન જેવો એક દેશ અમેરિકાની સામે થઈ ગયો અને હજી નહોર ભરાવી રહ્યો છે. યે કહાની હૈ યે દિયે કી ઔર તુફાન કી.

ટ્રમ્પને રાત્રે ઊંઘ આવતી નથી. યુદ્ધ બાબતે હમણાં ઈઝરાયલના બેન્ઝામીન નેતાન્યાહૂ નથી. યુદ્ધ કરવું છે પણ કરી શકાતું નથી, સમાધાન કરવું છે પણ થઈ શકતું નથી. હવે તો અમેરિકાની સંસદ પણ અસમંજસમાં મૂકાઈ ગઈ છે. વર્તમાન સ્થિતિ અમેરિકાની શોભામાં અભિવૃદ્ધિ કરતી નથી. માર્કો રૂબિયોએ માત્ર ભારતના જ નહીં, બીજા બે દેશોના વિદેશમંત્રીઓની સમક્ષ સંબંધો અને સુનિશ્ચિતતા બાબતે સ્પષ્ટતાઓ કરવી પડશે અને બીજાઓ તેને સ્વીકારશે કે કેમ? તે આવનારા સમય માટેનો સવાલ બનશે. નિવડયે વખાણ. હાલ તુરંત તો ડગમગતા માનસ પર કોઈને શ્રદ્ધા બેસવાની નથી. માટે માર્કોનું કામ પણ કઠીન બનશે. જો કે અમેરિકન સરકારમાં આ જવાબદારી સંભાળવા માટે માર્કો જ શ્રેષ્ઠ વ્યક્તિ છે. માર્કો અમેરિકાના નેશનલ સિક્યોરિટી એડવાઈઝર પણ છે. સપ્ટેમ્બરમાં ભારતમાં બ્રીક્સ મંડળની નેતાઓની પરિષદ યોજાશે. ટ્રમ્પ માને છે કે બ્રિકસ (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચાઈના, સાઉથ આફ્રિકા મળીને હવે કુલ અગિયાર દેશ) સંગઠન અમેરિકાનું વિરોધી છે.

બ્રિકસનું એક કોમન નાણું અથવા ચલણ શરૂ કરવાની વાત પણ નિકળી હતી અને ત્યારે ટ્રમ્પ ગુસ્સે થઈ ગયા હતા. ચાર દિવસની મુલાકાતમાં માર્કો રૂબિયો ભારતના ગોલ્ડન ટ્રાયેંગલ (સોનેરી ત્રિકોણ) તરીકે ઓળખાતાં આગ્રા, જયપુર અને નવી દિલ્હી ઉપરાંત કોલકોતાના પ્રવાસે જશે. નામ સોનેરી છે, પરંતુ આપણા નેતાઓ સફેદ કપડાંના માઈલો લાંબા તાકા રસ્તાને કાંઠે બાંધીને એ 'સુવર્ણ' વિદેશી મહેમાનોની નજરથી ઓઝલ રાખે તે પણ શકય છે.

કોલકોતામાં અમેરિકાનું બીજા ક્રમનું સૌથી જુનું રાજદૂતવાસ છે, જે અમેરિકાના એક સમયના દુશ્મન વિયેતનામના હો ચી મિન્હનું નામ ધરાવતા બજારમાં છે. અંગ્રેજોના વખતમાં તે હેરિંગ્ટન સ્ટ્રીટ તરીકે ઓળખાતી હતી. બંગાળની અમેરિકા વિરોધી સામ્યવાદી રાજ્ય સરકારે તેને આ નવું નામ આપ્યું છે. જો કે આ બાબતનું હવે ખાસ મહત્ત્વ નથી. મહત્ત્વ એ ડબલ એન્જીનની સરકારમાં માર્કોની ધમાકેદાર મહેમાનગતિ થશે.

આગળ લખ્યું તેમ આર્થિક વિષય ઘણો મહત્ત્વનો રહેશે જેમાં અમેરિકા પાસેથી ભારત વધુ માત્રામાં તેલ ખરીદે તે આગ્રહ અમેરિકા રાખશે. આ ઉપરાંત અમેરિકન શસ્ત્રો અને નાના કદના અણુ (ઊર્જા) રિએકટરો ભારત ખરીદે એવી માગણી અમેરિકનો મૂકશે. હકીકતમાં રૂબીઓ થોડા દિવસો અગાઉથી આવી રહ્યા છે તે બતાવે છે કે એમના પ્રવાસમાં કવાડ કરતાં ભારત સાથેની મંત્રણાઓ અને આદાનપ્રદાનનું વિશેષ મહત્ત્વ છે. રૂબિયોના પ્રવાસના છેલ્લા દિવસે કવાડના વિદેશ પ્રધાનોની મિટિંગ મળશે, જેમાં ઓસ્ટ્રેલિઆ અને જપાનના વિદેશમંત્રીઓ હાજરી આપશે.

કદાચ ચીનને ખુશ રાખવા માટે ટ્રમ્પ, અમેરિકા પોતે સભ્યો હોવા છતાં કવાડને મહત્ત્વ આપતાં નથી. એ વાત અલગ છે કે ચીને હમણાંની મુલાકાતમાં ટ્રમ્પને મહત્ત્વ આપ્યું, પણ અમેરિકાને બિલકુલ આપ્યું નથી. આ એવું બીજું વરસ છે જેમાં કવાડના નેતાઓની પરષિદ યોજાય તે અશકય લાગી રહ્યું છે.

ભારત-અમેરિકાના સંબંધોની વાત મહત્ત્વની હશે. હાલમાં તેમાં ઊંડો ઝોલ, અથવા મંદી આવી છે. ભારતનાં મૌલિક અપમાનો અને ટેરિફની ધમકીઓ સામે ભારત મક્કમ રહ્યું, પરંતુ તેથી દુઃખ ન પહોંચે એવું ન બને. ડોનાલ્ડ ટ્રમ્પે અસીમ મુનીરને પોતાના ફેવરિટ ફિલ્ડ માર્શલ' ગણાવીને આતંકવાદના મુદ્દા પર ઠંડું પાણી રેડી દીધું છે.અમેરિકાના એક પૂર્વ રાજદૂત ત્યાં સુધી બોલ્યા કે અસીમ મુનીરને વ્હાઈટ હાઉસમાં તેડાવવા તેનો અર્થ ઈઝરાયલ પર સાતમી ઓકટોબરના હુમલા પછી હમાસના ચીફનું વ્હાઈટ હાઉસમાં તેડાવીને સ્વાગત કરવા બરાબર થાય. હજી તો ભારત સાથેના ટેરીફ અને ટ્રેડ ડીલનો પાકો નિચોડ આવ્યો નથી. ઈરાન સાથે અંતતોગત્વા શી સ્થિતિ બનશે તે નક્કી નથી. યુવાન ભારતીયોમાંથી 2024માં 83 ટકા અમેરિકા માટે સારી લાગણી ધરાવતા હતા તે 2025માં ઘટીને 56 ટકા અને વર્તમાનમાં વધુ ઘટીને રહી ગઈ હશે. 71 ટકાને તો ટ્રમ્પની માનસિક અસ્થિરતા અકળાવતી હતી. તેઓએ રશિયા અને જપાનને વધુ ભરોસાપાત્ર ગણાવ્યાં હતાં. બીજી તરફ ભારતે દોઢ વરસ સુધી અમેરિકા સામે ઝીંક ઝીલી અને અમેરિકાની દોસ્તી વગર પણ પ્રગતિ કરવાનું શીખી લીધું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વિકાસની ઝડપ વધારો

ગુજરાતમાં બીજાં શહેરોને જોતાં સુરત શહેરમાં વિકાસ ધીમો લાગે છે.ગાંધીનગરનો ગિફ્ટ શહેર તરીકે વિકાસ.અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ સાથે ઔદ્યોગિક શહેર તરીકે વિકાસ. જામનગર રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અને વનતારાનો વિકાસ. રાજકોટ એન્જીનીયરિંગ હબ.ઈન્ટરનેશનલ એરપોર્ટ, ઈમિટેશન, સ્ટીલ ઉદ્યોગ અને જમીન બાંધકામમાં ખૂબજ ભાવવધારા સાથે વિકાસ. સાણંદ સેમીકંડક્ટરના ખૂબ જ મોટા પાયે પ્રચાર પ્રસાર સાથે નવા પ્રોજેક્ટ. વડોદરા કેમિકલ અને શિક્ષણ. મેડિકલના સાધનના પ્રોજેક્ટ . ધોલેરાનો ઔદ્યોગિક સીટી માટે વિકાસની ઝડપ સુરત શહેરના પોશ વિસ્તારોમાં વિકાસ થયો છે, પરંતુ કતારગામ, વરાછા અને ઉધના જેવા વિસ્તારો, જે હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગની કરોડરજ્જુ છે, ત્યાં હજુ પણ રસ્તાઓ અને માળખાકીય સુવિધાઓ જૂની પુરાણી છે. પ્રોજેક્ટ્સમાં વિલંબ અને અધૂરી કામગીરીઃ રિંગ રોડ, બ્રિજ અને મેટ્રો જેવા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ સમયમર્યાદામાં પૂર્ણ ન થવાથી ઝડપી વિકાસ અટકે છે. કોટ વિસ્તાર અંદર સુરત શહેરમાં વર્ષોથી હજુ સુધી મોટા ભાગ માં આર. સી. સી. રોડ બનાવી શક્યા નથી.આખા સુરત શહેરને લારી ગલ્લા નંબર 1 બનેલ છે. તેમની રોજગારી માટે તેમના માટે યોગ્ય જગ્યાનું આયોજન નથી. ઉધના રેલવે સ્ટેશન પર ભીડ થવાની સમસ્યા છે છતાં ઉત્રાણ રેલવે સ્ટેશન નવું બનાવેલ છે. નવી ટિકિટ બારી છે.પ્રાથમિક સુવિધા છે. વિશાલ પાર્કિંગ છે. છતાં લાંબા અંતરની ટ્રેનને સ્ટોપ આપવામાં આવતો નથી. જે વિસ્તારમાં વસ્તી ઓછી છે ત્યાં મેટ્રોની સુવિધા અને વસ્તીની ગણતરી પ્રમાણે મોટા વરાછા અને કતારગામ ઝોન મોટા છે પણ મેટ્રોની સુવિધા કરવાનું નામોનિશાન નથી.

**સુરત - પ્રફુલ પી. વાડોલિયા**

## કોઈ પણ સરકારી સિસ્ટમ સરળ બનાવો

દેશનું બંધારણ અને તે થકી સંસદમાં ઘડવામાં આવે તે કાયદા પ્રમાણે દેશનો વહીવટ કરવામાં આવે છે. દેશમાં જેટલા કાયદા પસાર કરવામાં આવે તેના અસરકારક અમલીકરણ માટે સરકારી સિસ્ટમ સરળ હોવી જોઈએ. હાલમાં કોઈ પણ સરકારી યોજના અમલમાં લાવવામાં આવે તેનો લાભ છેવાડાના માનવીને મળે તેવી સરકારી સિસ્ટમ હોવી જોઈએ.સુરત જિલ્લાના સમાહર્તા તરીકેનો કાર્યભાર સંભાળતાંની સાથે એવું કહ્યું કે છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓ પહોંચાડવાની પ્રથમ પ્રાથમિકતા રહેશે. આમ પણ આઝાદીનાં ફળ છેવાડાના માનવીને મળે તો જ ખરી આઝાદી કહેવાય અને આ માટે સરકારી સિસ્ટમ પારદર્શક હોવી જોઈએ. સરકારી કાયદા સરળ હોય પણ અમલ કરાવનારા પણ સરળ અને અમલ જેની પાસે કરાવવાનો છે તેઓ ખોટાનો વિરોધ કરનાર હોવા જોઈએ, માટે કોઈ પણ સરકારી સિસ્ટમ સરળ બનાવો.

**સુરત - ચંદ્રકાંત રાણા**

## સોલાર પેનલ અને મેન્ટેનન્સ સોસાયટીવાળા એપાર્ટમેન્ટ્સ

હાલ સરકાર વ્યાજબી રીતે જ ગ્રીન એનર્જી માટે પર્યાવરણ જાળવણીના અને દેશનાં આર્થિક હિતના સંદર્ભે બહુમાળી એપાર્ટમેન્ટ્સમાં પાણીની મોટર અને લિફ્ટ ચલાવવા માટેના વીજ પુરવઠા માટે સૌર પેનલ્સ ખરીદવા માટે સબસીડી રૂપે પ્રોત્સાહન આપી રહી છે અને સ્વાભાવિક રીતે આ સબસીડીની વસૂલાત પોતે જે કિંમતે ગ્રાહકોને વીજળી વેચે છે તેના કરતાં ઘણા ઓછા ભાવે આ સોસાયટીઓ પાસે કે કોઈ પણ સોલાર પેનલ ધારકો પાસેથી ખરીદી તે મુજબનાં વીજ બિલમાં બાદ આપે છે કે ઘણી વાર ક્રેડિટ બિલ આપે છે. પણ આમાં સામાન્ય નાગરિકને એ ખ્યાલ નથી આવતો કે આ વ્યવસ્થા ફક્ત સબસીડીની રકમની વસૂલાતના સમયકાળ સુધી જ સીમિત નથી રહેતી પણ આ સોલાર પેનલ્સના કાર્યકાળ સુધી ચાલુ રહે છે અને પેનલધારકો પાસેથી સસ્તે ભાવે વીજળી ખરીદતી જ રહી ચાલુ ભાવે જ વેચતી રહે છે. છતાંય મોટે ભાગે વપરાશકારો ખુશ રહે છે આ પેનલ્સનો જાળવણી ખર્ચ ભોગવીને પણ. પણ તકલીફ જે એપાર્ટમેન્ટ્સ રજીસ્ટ્રાર ઓફ કોઓપરેટિવ સોસાયટીના કાયદા હેઠળ રજિસ્ટર્ડ નથી થઈ (ઓર્ગેનાઈઝર બિલ્ડર દ્વારા) ,તેના પણ મેઈન્ટેનન્સ સોસાયટી તરીકે બેંક ખાતાં ખુલીને તેનું સુપેરે સંચાલન ચાલતું હોય તો પણ વીજ પુરવઠા સપ્લાયર કોમન વપરાશના વીજ મીટર સોસાયટીને નામે (કોઈ સરકારી કાયદાને કારણે) કરી આપતા નથી અને વર્ષોનાં વર્ષો સુધી વીજ બિલ તેના ઓર્ગેનાઈઝર બિલ્ડરને નામે જ ચાલે છે. હવે આ સોસાયટીઓ સોલાર પેનલ્સ લેવા જાય તો તેની સબસીડી તે બિલ્ડરને નામે જ આવે અને સોસાયટીને તે પ્રાપ્ત નહીં થાય એવી મહદંશે સંભાવના છે જ. માટે સબસીડી પાછળથી આપવાને બદલે સીધી ખરીદી બિલમાં જ ડિસ્કાઉન્ટ રૂપે બાદ આપવી જ જોઈએ અથવા સબસીડી નહીં આપીને આ સૌર ઊર્જાની વીજ પુરવઠા સપ્લાયર દ્વારા વધારે ભાવે ખરીદી કરવી જોઈએ. ક્યાં તો મીટર, કાયદામાં જરૂરી ફેરફાર કરી સોસાયટીને નામે કરવા જ જોઈએ, જે સરકારની ગ્રીન એનર્જીની પોલિસી સાથે સુસંગત થાય એવી જ વાત છે.

**સુરત. -પિયુષ મહેતા**

## ફાસ્ટ ફેશનના વેસ્ટમાંથી વેલ્થ

તાજેતરમાં 'ડાઉન ટુ અર્થ' અહેવાલ અને 'સોર્ટિંગ ફોર સર્ક્યુલેરિટીઃ પ્રોજેક્ટ રીવેર' અંતર્ગત યુરોપના ૮,૦૦૦ થી વધુ કપડાંનું ડિજિટલ અને ભૌતિક વિશ્લેષણ કરવામાં આવ્યું, જેમાં એક ચોંકાવનારી હકીકત સામે આવી છે કે વેસ્ટ તરીકે ફેંકી દેવાયેલા ગારમેન્ટ્સમાંથી ૩૭% કપડાં બિલકુલ નુકસાન વગરના અને ૪૧% કપડાં માત્ર સામાન્ય ખામીવાળાં હોય છે. એટલે કે અંદાજે ૭૮% જેટલો જંગી જથ્થો સહેજ રિપેરિંગ, વ્યવસ્થિત ક્લિનિંગ કે સામાન્ય પ્રોસેસિંગ દ્વારા તુરંત જ ફરીથી વાપરી શકાય (Rewear) તેમ છે. આમ છતાં, વૈશ્વિક સ્તરે કલેક્શન, સોર્ટિંગ (વર્ગીકરણ) અને રિપેરિંગ માટે પૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ન હોવાને કારણે દર વર્ષે ૯.૨ કરોડ ટન ટેક્સટાઈલ વેસ્ટ પેદા થાય છે જે પર્યાવરણ માટે ગંભીર પડકાર છે. સુરત પાસે પહેલેથી જ ટેક્સટાઈલ સેક્ટરમાં સચિન અને પાંડેસરા જેવા વિશાળ GIDC ક્ષેત્રો, કુશળ શ્રમિકો અને મજબૂત ડાઈંગ-પ્રિન્ટિંગ પ્રોસેસિંગ હાઉસ ઉપલબ્ધ હોવાથી, આ નકામા વેસ્ટને સંભાળવાની સૌથી શ્રેષ્ઠ ક્ષમતા છે. સુરતમાં આ ઉદ્યોગ વિકસાવવા માટે એક સુઆયોજિત ત્રિ-સ્તરીય બ્લુપ્રિન્ટ તૈયાર કરવી જોઈએ, જેમાં પ્રથમ સ્તરે રી-વેર હબ સ્થાપીને આયાત કરાયેલા ૭૮% સારાં કપડાંનું આધુનિક બેલ્ટ્સ પર સોર્ટિંગ, ઓટોમેટેડ મશીનો દ્વારા ડી-પિલિંગ (કપડાં પરનાં રૂંછાં દૂર કરવા) અને સ્થાનિક ગારમેન્ટિંગ એકમો દ્વારા ઝિપર કે બટન બદલવાનું અલ્ટરેશન કામ કરી શકાય, જેને ડોમેસ્ટિક માર્કેટ અથવા આફ્રિકન દેશોમાં ફરી નિકાસ કરી શકાય. વિશ્વનું સૌથી મોટું પ્રીમિયમ 'ગ્રીન ટેક્સટાઈલ રિસાયકલિંગ કેપિટલ' બની શકે છે, જે પર્યાવરણ સુરક્ષા સાથે લાખો નવી ગ્રીન રોજગારીની તકો ઊભી કરશે.

**સુરત - નેહા સિંગાપુરી**

## સ્ટેગ્નન્ટ વોટર

બંધિયાર પાણી ગંધાઈ ઊઠે છે અને એમાં મચ્છર અને જીવાત પડે છે, જે સામાન્ય માણસને માનસિક અને રોગીષ્ટ બનાવે છે. જેમ બંધિયાર પાણીને ખાલી કરવું જોઈએ, કયાં તો વહેવા દેવું જોઈએ. 'અતિ પરિચયાત્ અવજ્ઞા' શાંત પરિવાર (કહેવાતો) કયારે ન જીરવાતા માનસિક રોગથી પીડાતો હોય છે અને કયારેક પળોજણમાંથી છૂટવા નાછૂટકે આપઘાતનો માર્ગ અપનાવે છે. તે એવું સમજે છે કે મૃત્યુ એ જ માત્ર આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી ઊગરવાનો પરત ફક્ત એક જ સીધો માર્ગ છે. જેનાથી પાછા હટી શકાતું નથી. થોડા થોડા સમયે એક નાનકડો ઝઘડો થવો જોઈએ જેનાથી માનસિક હળવાશનો અનુભવ થાય છે.

**સુરત - અનિલ શાહ**